ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૬૫ ટકા

# સિવિલમાં નોન કોવીડ અને કોવીડ વિભાગ અલગ કરાયા



ગાંધીનગર, તા.૧૬

કોરોના સંક્રમિતોની સંખ્યામાં ઘટાડો થવાની જગ્યાએ વધારો થતો જાય છે. દિવાળી બાદ કોરોનાના કેસ રોકેટગતિએ વધતા જોવા મળ્યા હતા. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૨૫૦ થી વધુ કોરાના સંક્રમિત દર્દીઓ સારવાર હેઠળ હતા. પાંચ થી આઠ માળ સુધીના વોર્ડ દર્દીઓ માટે તંત્ર દ્વારા ઉભા કરવામાં આવ્યા હતા.કોરોના દર્દીઓથી હોસ્પિટલ ઉભરાતી હતી તે સમયે દર્દીઓને એડમીટ કરીને સારવાર આપવામાં આવતી હતી. ત્યારે ૬૦૦ માળની નવી બિલ્ડીંગમાં ત્રીજા માળે હિમોડાયાલિસીસ અને નોન કોવીડ આઈસીયુ કાર્યરત છે.

ત્યારે કોરોના સંક્રમિતોની વચ્ચે હિમોડાયાલીસીસ અને નોન કોવીડ આઈસીયુને ટેકનીકલી અને કિલનીકલી આ સેન્ટરનું સ્થળાંતર કરવુ અઘરુ છે. તો બીજીબાજુ કોરોના ભયથી આઈસીયુ પણ બંધ કરી શકાય તેવી સ્થિતિ નથી. જેને પગલે સિવિલ તંત્ર દ્વારા નોન કોવીડ અને કોવીડ બંન્ને વિભાગ અલગ કરવા માટે પાર્ટેશન કરવામાં આવ્યા છે. નવી બિલ્ડીંગમાં ભોંયતળિયે પર કરવામાં આવેલા પાર્ટેશનને કારણે જુની સિવિલ તરફથી નોન કોવીડ બાજુ જઈ શકાશે. દર્દીઓ તેમજ સ્ટાફ ઉપરાંત દર્દીઓના સગા ચેપગ્રસ્ત ન બને તે માટે આ વ્યવસ્થા ઉભી કરાઈ છે. ત્યારે હાલના સમયે ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા ઓછી હોવાનું જાણવા મળ્યું છે.



ગાંધીનગરની ઓળખ સમા બગીચાઓનું નવીનીકરણ હાથ ધરવામાં આવ્યું છે. જાળવણી વગર સાવ વેરાન બની ગયેલા બગીચાઓ નવું રૂપ ધારણ કરી રહ્યા છે. લેન્ડ સ્કેપીંગથી લઈને રમતગમતના નવા સાધનોના કારણે બગીચાઓનો આખો લુક બદલાઈ રહ્યો છે. તબક્કાવાર તમામ બગીચાઓનું રીનોવેશન હાથ ધરવામાં આવ્યું છે.

# મનપાની ઢોર પકડ પાર્ટી પર હુમલાનો સિલસિલો યથાવત

## સેકટર-૫ ખાતે મનપાની ઢોર પકડ પાર્ટી પર હુમલો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર મહાનગર પાલિકાની ઢોર પકડ પાર્ટી સેકટર-૫ સી એમઆરએફ શો રૂમની પાછળના ભાગે ઢોર પકડવાની કામગીરી ચાલી રહી હતી. તે સમયે બે શખ્સો હાથમાં લાકડી લઈને આવ્યા હતા. અમારા ઢોર કેમ પકડો છો તેમ કહી ગાળો બોલી હુમલો કરી ઢોર છોડાવી ગયા હતા. આ શખ્સોના ઉપરાણામાં અન્ય ત્રણ શખ્સો આવ્યા હતા અને ફરીવાર ઢોર પકડવા માટે આવ્યા છો તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી હતી. મનપામાં પશુધન નિરીક્ષક તરીકે ફરજ બજાવતા કર્મચારીએ સેકટર-૭ પોલીસ મથકે પાંચ શખ્સો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તે શખ્સોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મનપામાં કોન્ટ્રાકટ પર પશુધન નિરીક્ષક તરીકે ફરજ બજાવતા પાર્થ બાબુભાઈ પટેલ તેમજ સ્ટાફના કર્મચારીઓ સેકટર-૫ સી એમઆરએફ શો રૂમ પાછળ કોર્પોરેશનનું વાહન લઈને ઢોર પકડવાની કામગીરી કરી રહ્યા હતા. તે સમયે સવજીભાઈ રબારી, ભાથીભાઈ રબારી હાથમાં લાકડી લઈને આવ્યા હતા. તેઓએ અમારા ઢોર કેમ પકડો છો કહી ગાળો બોલીને બંને શખ્સોએ હુમલો કર્યો હતો અને ઢોર પકડેલા છોડાવી ગયા હતા. જયારે આ શખ્સોનું ઉપરાણુ લઈને જીગર સાહરભાઈ રબારી, સુનિલ સાહભાઈ રબારી, અને સની સવજીભાઈ રબારીપણ આવીને ગાળો બોલવા લાગ્યા હતા. ત્યારબાદ પાંચ શખ્સોએ ફરીવાર ઢોર પકડવા માટે આવ્યા તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ શખ્સો સાથે અગાઉ પણ ઢોર પકડ પાર્ટીને બોલાચાલી થઈ હતી.જેથી હુમલાખોર શખ્સના નામ જાણતા હોવાથી નામજોગ ફરીયાદ આપી છે.

## લેકાવાડાના યુવાનનું ચક્ષુદાન

ગાંધીનગર, તા.૧૬

ઘણા લોકો મરણ પછી પણ સારું કામ કરતા જાય છે અને એમાં પણ પોતાના શરીરના ઉપયોગી અંગનું દાન કરી બીજાને મદદરૂપ થવું એના જેવું તો ઉત્તમ કોઈ દાન નથી. એજ રીતે લેકાવાડાનો યુવાન પણ પોતાના મૃત્યુ પછી સેવાનું ઉત્તમ કાર્ય કરતો ગયો છે.

લેકાવાડા ગામના ક્રિપાલસિંહ ઘનશ્યામસિંહ ઝાલા (ઉં.૨૭)નું ગત તા.૧૫-૧૨-૨૦ ના રોજ દુઃખદ અવસાન થતા તેઓના કુટુંબીજન રાઠોડ રવિન્દ્રસિંહ જગતસિંહની સંમતીથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવેલ છે. આ કાર્યમાં તબિબિ સેવા ડો.વેલુ, ડો.મિતેશ, તેમજ જુનિયર સિટીઝન કાઉન્સિલના કાર્યકર રાજુભાઈ વાઘેલા તેમજ શુભમ શાહ સ્વર્ગસ્થના ચક્ષુઓ લેવા સેવા પુરી પાડી છે. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક (સિવિલ હોસ્પિટલ) ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય દિલિપ દંતાણીએ કર્યું છે.






કોરોનાનો ડર હજુ યથાવત છે. કેસમાં ઘટાડો ચોકકસ થયો છે પરંતુ હજુ નવા નવા કેસો દરરોજ નોંધાઈ રહ્યા છે. માસ્ક પહેરવું અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવું જેવી ગાઈડલાઈન અનુસરવી જરુરી છે. ગફલતમાં રહેવાય એવું નથી બેંકો અને પોસ્ટઓફિસની બહાર આપણે હજુ પણ ખૂબ ભીડ કરી રહ્યા છીએ જે કયારેક મુશ્કેલી સર્જી શકે છે.

## ગાંધીનગર સધર્ન વેસ્ટર્ન એર કમાન્ડ હેડ ક્વાર્ટર દ્વારા વિજય દિવસની ઉજવણી નિમિત્તે સાઈકલ રેલીનું આયોજન કરાયું



ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર ખાતે આવેલા ભારતીય વાયુસેનાના સધર્ન વેસ્ટર્ન એર કમાન્ડ (SWAC) હેડ ક્વાર્ટર દ્વારા ૧૨ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ મોઢેરા ખાતે આવેલા સૂર્ય મંદિર સુધીની ૧૯૫ કિમીની એક દિવસીય સાઈકલ રેલી યોજવામાં આવી હતી. ૧૯૭૧માં થયેલા ભારત - પાકિસ્તાનના યુદ્ધમાં ભારતીય સૈન્યના વિજયની ૫૦મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે 'હર કામ દેશ કે નામ' સૂત્ર સાથે આ રેલી યોજવામાં આવી હતી. ૧૭ સાઈકલિસ્ટ્સની ટીમે આ રેલીમાં ભાગ લીધો હતો.

રેલીના માર્ગમાં, સાઈકલિસ્ટોએ સ્થાનિક લોકો સાથે વાર્તાલાપ કરીને ભારતીય વાયુસેના અંગે જાગૃતિ ફેલાવી હતી. આ રેલીને SWAC હેડ ક્વાર્ટરના વરિષ્ઠ મેન્ટેનન્સ સ્ટાફ ઓફિસર એર વાઈસ માર્શલ વી.કે. ગર્ગ, VSMએ લીલીઝંડી બતાવીને પ્રારંભ કરાવ્યો હતો. ઉત્સાહી સાઈકલિસ્ટો આજ દિવસે પરત ફર્યા ત્યારે SWAC હેડ ક્વાર્ટરના વરિષ્ઠ એર સ્ટાફ ઓફિસર એર માર્શલ શ્રીકુમાર પ્રભાકરને તેમનું સ્વાગત કર્યું હતું.

## શહેરની મેડીકલ કોલેજના ૧૧ ડોકટરની વડનગર ખાતે બદલી

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર મેડીકલ કોલેજમાં ફરજ બજાવતા ૧૧ તબિબની જાહેરહિતનું બહાનુ ધરીને વડનગર ખાતે બદલી કરાઈ છે.

જેમાં ફીઝીયોલોજી વિભાગના ડો.દિવ્યેશ પ્રજાપતિ, કોમ્યુનિટી મેડીસીનના ડો. જીગ્નેશ ચૌહાણ અને જીગ્નેશ ગરસોડીયા, મેડીસીન વિભાગના ડો. વર્ષા શાહ, પીડીયાટ્રીક વિભાગના એચ.ઓ.ડી. હિમાંશુ જોશી તેમજ ડો. નિશા પ્રજાપતિ, સર્જરીના ડો. મુકેસ ચુડાસમા, આર્થોપેડીક વિભાગના ડો. મિતુલ મિસ્ત્રી અને ડો.ચિરાગ પ્રજાપતિ, ઈએનટીના ડો. યોગેશ ગજ્જર તેમજ ડેન્ટીસ્ટ્રીના સબપ્રાધ્યાપક ડો.પ્રિતિ અગ્રવાલની બદલી કરાઈ છે.

## ઈન્ડિયન એસોસિએશન ઓફ જનરલ રીલેટિવિટી એન્ડ ગ્રેવિએશનની ૩૧મી કોન્ફરન્સનું આઈઆઈટી-ગાંધીનગર યજમાન બન્યું

ગાંધીનગર, તા.૧૬

પાલજ ખાતેની આઈઆઈટી-ગાંધીનગરના ફિઝિકસ વિભાગ દ્વારા આગામી તા. ૧૯ અને ૨૦ ડિસેમ્બર દરમિયાન ઈન્ડિયન એસોસિએશન ઓફ જનરલ રીલેટિવિટી એન્ડ ગ્રેવિએશન-આઈએજીઆરજીની ૩૧મી બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. કોવિડ-૧૯ મહામારીના પગલે આ બેઠક વેબ કોન્ફરન્સના માધ્યમથી આયોજિત કરવામાં આવી છે.

આઈએજીઆરજી વર્ષ ૧૯૬૯માં ગઠિત થયેલું સંગઠન છે. જેનું મુખ્ય કાર્ય દેશમાં જનરલ રીલેટિવિટી સંબંધિત ગતિવિધીઓ અંગે પૂર્વધારણા કરવાનું છે. આઈએજીઆરજી દ્વારા દર બે વર્ષે મિટીંગનું આયોજન કરવામાં આવે છે. જે દેશમાં વિવિધ સ્થળે આયોજિત થતી હોય છે. આ મીટીંગ ગ્રેવિશનલ ફિઝિકસ, કોસ્મોલોજી અને એસ્ટ્રોફિઝિકસ ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ ખૂબ જ મહત્વનું સ્થાન ધરાવે છે. આ કોન્ફરન્સમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએથી નિષ્ણાંત વકતાઓ, વિદ્વાનો ભાગ લેવા આમંત્રિત કરવામાં આવે છે. કોન્ફરન્સમાં યોજાતી મીટીંગની સાથે સાથે કલાસિકલ ગ્રેવિટી, કોસ્મોલોજી, ગ્રેવિશ્નલ વેવઝ એન્ડ એસ્ટ્રોફિઝિકસ અને કવોન્ટમ ગ્રેવિટી વિષયના પોસ્ટર પ્રેઝન્ટેશન્સ પણ પ્રસ્તુત કરવામાં આવતા હોય છે. અને આ વર્ષે આઈએજીઆરજી દ્વારા આ વર્ષની થીમ 'કવોન્સનોર્મલ મોડસ ફ્રોમ બ્લેક હોલ્સ' નિયત કરવામાં આવી છે.

## અબોલ ઈજાગ્રસ્ત જીવ માટે વ્હીલચેર બનાવતી સંસ્થા ધ ગોડ ગિફટ ફાઉન્ડેશન શહેરમાં કાર્યરત



ગાંધીનગર, તા.૧૬

શહેરમાં ઘણા અબોલ જીવ ફરી રહ્યા છે કે જેમને ઈજા થતા જલ્દી તેમની સારવાર થઈ શકતી નથી. આમ તો આ ઈજાગ્રસ્ત અબોલ પશુપક્ષીની સેવા અર્થે શહેરમાં ઘણી સંસ્થા કાર્યરત છે અને તેમાંની જ છેલ્લા એક વર્ષથી અબોલ જીવો માટે વ્હીલચેર બનાવી સંસ્થા ધ ગોડ ગિફટ ફાઉન્ડેશન શહેરના રાંદેસણ વિસ્તારમાં ચાલી રહી છે. જયાં સંસ્થાના મયુરસિંહ, ધનરાજસિંહ, વિરાજભાઈ અને ફોરમબેન ઈજાગ્રસ્ત અબોલ પશુ પક્ષીને સારવાર આપે છે અને જરૂર પડે અને વધુ ઈજાગ્રસ્ત હોય એવા જીવો માટે વ્હીલચેર બનાવીને અબોલ જીવોની મદદ કરી રહ્યા છે. આ ઉપરાંત રસ્તે ખોવાઈ ગયેલા પશુ પક્ષીને જમાડવા સાથે સ્ટ્રીટ એનિમલ એડોપ્શનનું કાર્ય પણ સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યું છે.

## ૨૪ ડિસેમ્બરે સત્યાગ્રહ છાવણી ખાતે મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ ધરણા યોજશે

ગાંધીનગર, તા. ૧૬

મધ્યાહન ભોજન યોજનામાં કામ કરતા કર્મચારીઓ સંચાલક, રસોઈયા અને મદદનીશો સામાન્ય વેતનમાં નોકરી કરે છે. છેલ્લા સાડા ત્રણ દાયકાથી સંચાલકને રૂ.૧૬૦૦, રસોઈયાને રૂ.૧૪૦૦ અને મદદનીશને રૂ.૧૦૦૦ વર્ષોથી ફરજ બજાવે છે.ત્યારે હાલની મોંઘવારીમાં સામાન્ય વેતનમાં કામ કરવુ અઘરુ થઈ ગયું છે. ત્યારે મધ્યાહન ભોજનના કર્મચારીઓની છેલ્લા ઘણા વર્ષોથી ત્રણ માંગણી પડતર પડી છે. જેમાં લઘુતમ વેતન આપી કાયમી કરવા, જે જિલ્લામાં એનજીઓ છે તે રદ કરવી અને છુટા થયેલા કર્મચારીઓને પરત નોકરી પર રાખવા, વય મર્યાદાને પગલે નિવૃત થયેલા કર્મચારીઓના વારસદારને નોકરી પર રાખવા સહિતનો સમાવેશ થાય છે. સરકાર સમક્ષ અનેકવાર લેખિત રજુઆત કરવા છતા માંગણીઓનો આજદિન સુધી ઉકેલ આવ્યો નથી. ત્યારે આગામી તા.૨૪ ડિસેમ્બરના રોજ શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા અને પ્રદર્શન યોજવામાં આવશે. સમગ્ર રાજયમાં આ દિવસે સંચાલક, રસોઈયા અને મદદનીશ પોતાના પરિવારના સભ્યો સાથે સવારે ૮ કલાકથી સાંજના ૬ કલાક સુધી એક દિવસીય ભુખ હડતાળ પર ઉતરશે. તેમ છતા સરકાર દ્વારા મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓની માંગણી મુદે હકારાત્મ વલણ નહી અપનાવે તો આગામી તા.૭ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ દિલ્હી જંતર મંતર ખાતે અચોક્કસ મુદતનું આંદોલન કરવામાં આવશે, તેમ ગુજરાત રાજય મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળના પ્રમુખ ચંદનસિંહ વાઘેલાએ જણાવ્યું છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. ક્રિપાલસિંહ ઘનશ્યામસિંહ ઝાલા, ઉ.વ. ૨૭, લેકાવાડા, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ વિઠ્ઠલભાઈ આત્મારામ, ઉ.વ. ૯૨, સરઢવ, તા. ગાંધીનગર
- સ્વ. ખમાર મંજુલાબેન દશરથલાલ, ઉ.વ. ૭૫, કલોલ, તા.જી. ગાંધીનગર
- સ્વ. દરજી દશરથભાઈ બબલદાસ, ઉ.વ. ૭૧, સેકટર-૧૩, ગાંધીનગર
- સ્વ. ઠાકોર વિક્રમજી લક્ષ્મણજી, ઉ.વ. ૫૪, મહુન્દ્રા, તા.જી. ગાંધીનગર
- સ્વ. મકવાણા અભેસિંહ પ્રતાપજી, ઉ.વ. ૩૯, પ્રાંતિજ, તા.જી. સાબરકાંઠા
- સ્વ. પીયુષ રમેશચંદ્ર ઠાકર, ઉ.વ. ૬૫, સેકટર-૧૯, ગાંધીનગર
- સ્વ. શાન્તાબેન રણછોડભાઈ પટેલ, ઉ.વ. ૮૨, ચિલોડા મોટા, તા. ગાંધીનગર
- સ્વ. સંજય પુંજાજી ઠાકોર, ઉ.વ. ૨૫, ઈસનપુર મોટા, તા. ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**


- સ્વ. ચંદુભાઈ કચરાભાઈ રાવલ, ઉ.વ. ૬૦, મહુન્દ્રા, તા.જી. ગાંધીનગર
- સ્વ. વાસુજી લક્ષ્મણજી પરમાર, ઉ.વ. ૬૩, રાંધેજા, તા.જી. ગાંધીનગર
- સ્વ. પરમાર સીતારામભાઈ મફતલાલ, ઉ.વ. ૭૬, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. દિલીપચંદ્ર ધિરસિંહ ગોહિલ, ઉ.વ. ૬૧, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. પટેલ પુંજાભાઈ શિવાભાઈ, ઉ.વ. ૮૨, કલોલ, જી. ગાંધીનગર

# નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર જિલ્લાની ૨૮મી 'રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ-૨૦૨૦' સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૬

ભારત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ હસ્તકના નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કોમ્યુનિકેશન કાર્યક્રમ અંતર્ગત દર વર્ષે 'રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધા' નું આયોજન સમગ્ર દેશમાં કરવામાં આવે છે. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નાનપણથીજ વિજ્ઞાન પ્રત્યે રસ-રૂચી કેળવાય અને તેમાનામાં વૈજ્ઞાનિક સંશોધન વૃત્તિ વિકસે તેવા નવીનત્તમ વિચારોનો ઉદ્દભવ થાય તે છે. ગુજરાતમાં આ સ્પર્ધાનું આયોજન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે.

ગાંધીનગર જીલ્લામાં આ સ્પર્ધાનું આયોજન નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા કરવામાં આવ્યું હતું . ગાંધીનગર જીલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધાના કાર્યક્રમ નું આયોજન તા. ૧૫/૧૨/૨૦૨૦ના રોજ ઓનલાઈન માધ્યમથી કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાના મુખ્ય



મહેમાન અને નિર્ણાયક તરીકે શ્રી નરેશભાઈ ઠાકર, પૂર્વ, પી.આર.ઓ., જી.પી.સી.બી. ગાંધીનગર, શ્રી વસંતભાઈ પટેલ નિવૃત ઉપ સચિવ, શ્રી ચંદુભાઈ પટેલ નિવૃત વિજ્ઞાન શિક્ષક અને ડો.અનીલ પટેલ મેનેજીંગ ટ્રસ્ટી, નિસર્ગ સાયંસ સેન્ટર ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ડો.અનીલ પટેલે વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદના નિયમો અને વિવિધ વિષયો આધારિત પ્રોજેક્ટ કઈ રીતે રજુ કરવા તેની ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. શ્રી નરેશ ઠાકર દ્વારા વિદ્યાર્થીઓને તેમને કરેલા સંશોધનની માહિતીને સચોટ રીતે રજુ કરી શકાય તેની ચર્ચા કરી હતી અને મુખ્ય વિષય અને તેના પેટા વિષયો અંગે પણ વાત કરી હતી.

આ સ્પર્ધાનો મુખ્ય વિષય નિરંતર ટકાઉ જીવનનિર્વાહ માટે વિજ્ઞાન રાખવામાં આવ્યો છે અને તેના પાંચ પેટા વિષયો આધારિત પ્રોજેક્ટો વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવ્યા હતા. ગાંધીનગરની જુદી-જુદી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના ૩૩ જેટલા પ્રોજેક્ટો વિદ્યાર્થીઓ દ્વારા ખુબ જ સરસ રીતે રજુ કરવામાં આવ્યા હતા.જેમાંથી ગાંધીનગર જીલ્લાના બેસ્ટ ૫ પ્રોજેક્ટો રાજ્યકક્ષા માટે પસંદગી કરવામાં આવશે. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રમાણપત્રો આપવામાં આવશે. આ સ્પર્ધાના સમગ્ર આયોજનમાં નિસર્ગ સાયંસ સેન્ટરના કો-ઓડીનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ અને કોમ્યુનીકેટર ધવલ પટેલ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

# ઉમેદવારોને ભરતી પૂર્વે શારીરિક-માનસિક ક્ષમતા માટે પરીક્ષાલક્ષી તાલીમ વર્ગ જોગ

ગાંધીનગર, તા.૧૬

આર્મી, એરફોર્સ, નેવી, અર્ધ લશ્કરીદળો,પેરા મિલેટ્રી ફોર્સીસ તથા પોલીસ ફોર્સમાં જોડાવવા માંગતા ઉમેદવારોને ભરતી પૂર્વે શારીરિક તેમજ માનસિક ક્ષમતા માટેની ઘનિષ્ઠ તાલીમ આપવા માટે વિનામૂલ્યે નિવાસી તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાતના યુવાનોને સંરક્ષણ સેવા, પેરા મિલેટ્રી ફોર્સીસ તથા પોલીસ ફોર્સ વિગેરેમાં જોડાવવાની ઈચ્છાનો અભાવ તેમજ ભરતી થયા બાદ મળતી સગવડો વિષે અજ્ઞાનતા પ્રવર્તતી હોવાને કારણે ગુજરાત રાજયમાં ઘણી જગ્યાઓ વણ પુરાયેલી રહે છે. ગુજરાતના યુવાનોની ભરતી થાય તે માટે આર્મી, એરફોર્સ, નેવી, અર્ધ લશ્કરીદળો, પેરા મિલેટ્રી ફોર્સીસ તથા પોલીસ ફોર્સ વિગેરેની જગ્યાઓ માટે શારીરિક યોગ્યતા ધરાવતા, નિયત કરેલ જરૂરી શૈક્ષણિક લાયકાત ધો. ૧૦ પાસ માટે નિયત કરેલ ૧૭૧/૨ વર્ષ થી ૨૧ વર્ષ અથવા ધો-૧૨ પાસ માટે નિયત ૧૭૧/૨ વર્ષ થી ૨૩ વર્ષ ધરાવતા યુવાનોને શારીરિક/માનસિક ક્ષમતા તથા લેખિત પરીક્ષા માટે ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવશે.

આ તાલીમમાં શારીરિક યોગ્યતા માટે ઉંચાઈ, વજન તથા છાતી શારીરિક કસોટીઓ જેવી કે દોડ, લાંબો કુદકો, પુલઅપ્સ વિગેરેની તાલીમ માટે ફીઝીકલ(શારીરિક) ઈન્સ્ટ્રકટર દ્વારા ભરતીને અનુરૂપ ફીઝીકલ તાલીમ આપવામાં આવશે. તથા અન્ય તાલીમી વ્યાખ્યાતાઓ દ્વારા અંગ્રેજી, ગણિત વિજ્ઞાન તથા સામાન્ય જ્ઞાનની તાલીમ આપવામાં આવશે.

ઉમેદવારોની યાદી રોજગાર કચેરી દ્વારા તૈયાર કરવા માટે કચેરીના કામકાજના દિવસોમાં તા.૩૧/૧૨/૨૦૨૦ સુધીમાં સવારે ૧૧-૦૦ થી સાંજના ૦૫-૦૦ વાગ્યા સુધીમાં ઉંચાઈ, વજન, શારીરિક ક્ષમતા વિગેરેનો ટેસ્ટ લઈ પ્રાથમિક પસંદગી કરવામાં આવશે. આ તાલીમ વિનામૂલ્યે છે.

એક ઉમેદવાર દીઠ દૈનિક ૧૦૦/- લેખે ૩૦ દિવસના ૩,૦૦૦/- સ્ટાઈપેન્ડ ચેક દ્વારા ચૂકવામાં આવશે. રહેવા જમવાનું વિના મુલ્યે છે. આ માટે એક પાસપોર્ટ સાઈઝનો ફોટો, ફોટો આઈડેન્ટી પ્રૂફની ઝેરોક્ષ અરજી ફોર્મમાં દર્શાવેલ સૂચનાઓને આધીન ફોર્મ તથા સમતીપત્રક ભરવાનું રહેશે આ તાલીમ અંગે કોઈ પણ આખરી ફેરફાર રોજગાર કચેરી દ્વારા રહેશે, તેવું રોજગાર અધિકારી( જનરલ ) એ જણાવ્યું છે.